**//આરોપીઓ તરફેની આંક–૧૦ લગતની ડિસ્ચાર્જ અરજી નીચે હુકમ//**

(૧) હાલના કામે આરોપીઓના વિ.વ.શ્રી. તથા એ.પી.પી.શ્રી ટાંકને સાંભળ્યાં. હાલની અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા.

(૨) આ કામના આરોપીઓએ સદરહુ અરજી ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૨૩૯ અન્વયે રજૂ કરેલી છે અને આરોપીઓને તેઓની સામેના હાલના કેસના તહોમતમાંથી બિનતહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે આરોપીઓ તરફે તેઓની સદરહુ અરજીના સમર્થનમા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે આરોપીઓનું લોહિ લેવા માટેની પ્રક્રિયા જે નિયમ–૪માં બતાવેલી છે તે પ્રક્રિયા આદેશાત્મક છે અને આરોપીઓને આપવામાં આવેલ કેસ પેપર્સ જોતાં, તેમાં ડૉકટરશ્રીએ લોહીનો નમુનો તા.૦૩/૧૨/૨૦૨૧નાં રોજ લીધેલ છે જે આરોપીઓના ફોર્મ–એ અને ફોર્મ–બી પરથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે. જે લોહિનું સેમ્પલ ફોર્મ–સી જોતાં એફ.એસ.એલને તા.૦૧/૦૧/૨૦૨૨ના રોજ તમામ આરોપીઓના મળેલા છે. જે એફ.એસ.એલ. દ્વારા તમામ સેમ્પલોને તા.૧૨/૦૧/૨૦૨૨ના રોજ પૃથકકરણ કરવામાં આવેલ છે.

આ કામે તપાસ કરનાર અમલદાર અથવા ચાર્જશીટ કરનાર દ્વારા જે પોલીસ પેપર્સમાં રજૂ રાખેલ ફોર્મ–સીમાં જ આરોપીઓનું લોહિનું સેમ્પલ તા.૦૧/૦૧/૨૦૨૨ના રોજ મળેલ હતું જે આરોપીઓનું લોહિ તા.૦૩/૧૨/૨૦૨૧ના રોજ લેવામાં આવેલ હતું અને તે લોહીના નમુના એફ.એસ.એલ.ને તા.૦૧/૦૧/૨૦૨૨ના રોજ મળેલ છે. જે સદરહુ કાયદાની સમય મર્યાદા બહાર મળેલ છે અને બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪, ૫ની જોગવાઈનો ભંગ થયેલ છે. જે ફોર્મ નં.એ, બી તથા સી પરથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

આથી આ નમુનો લોહી લીધાના ૨૮ માં દિવસે પૃથકકરણ માટે મળેલ છે જે નિયમ–૪(૨)ની જોગવાઈઓનો ભંગ કરે છે. અને નિયમ–૦૪ આદેશાત્મક હોવાથી નિયમ–૪નો ભંગ થયેલ હોવાથી હાલના કેસમાં આરોપીઓને બિન તહોમત છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૪) આ ઉપરાંત હાલના કામે ફરિયાદપક્ષ તરફેના એ.પી.પી.એ સદરહુ અરજીની વિરુદ્ધમાં દલીલ કરેલ છે કે, આ કામે ડૉક્ટર સાહેદ દ્વારા લોહી લેતી વખતે બ્લડ ટેસ્ટ રૂલ્સ–૦૪ની જોગવાઈ મુજબની પ્રક્રિયા કરેલી છે અને ડૉક્ટરશ્રીએ ફોર્મ–એ અને ફોર્મ–બી તૈયાર કરેલા છે જે જોતાં, આરોપીઓએ દારૂ પીધેલ હોવાની અને તેઓ આલ્કોહોલની અસર હેઠળ હેવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. વધુમાં હાલના કામે પુરાવો હજૂ લેવાનો બાકી છે અને પુરાવા લીધા સિવાય હાલના તબક્કે આદેશાત્મક જોગવાઈનો ભંગ થતો હોય તેવું કહી શકાય નહિ. આથી ફરિયાદપક્ષ તરફે સદરહુ અરજી ના–મંજૂર કરવા રજૂઆત કરેલી છે.

(૫) આમ, હાલના કામે બન્ને પક્ષેના ઉભયપક્ષકારોની દલીલો અને કેસની હકીકતો જોતાં મારી સમક્ષ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામે બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪(૨) આદેશાત્મક જોગવાઈનો ભંગ થાય છે?

(૨) શું નિયમ–૪(૨)ની જોગવાઈનો ભંગ થતો હોય આરોપીઓની વિરુદ્ધ પ્રથમદર્શનીય કેસ બનતો ન હોય આરોપીઓને બિનતહોમત મુકત કરવો જોઈએ?

(૩) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે મુજબના છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૭) આ કામે બન્ને પક્ષકારોની દલીલો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલા કેસ પેપર્સ તથા કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૩૯ વંચાણે લેવી જરૂરી જણાય આવતી હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

**<u>કલમ–૨૩૯. આરોપીઓને કયારે છોડી મુકવો જોઈશે.</u>**

"કલમ–૧૭૩ હેઠળ પોલીસ રિપોર્ટ તથા તેની સાથે મોકલાયેલા તમામ દસ્તાવેજો વિચારણાં લીધા પછી અને મૅજિસ્ટ્રેટને જરૂર જણાય તેવી આરોપીઓની જુબાની લીધા પછી અને ફરિયાદપક્ષ અને આરોપીઓને સુનાવણીની તક આપ્યા પછી, મૅજિસ્ટ્રેટને આરોપીઓ વિરુદ્ધ તહોમત વજૂદ વગરનું લાગે તો, તેણે તેને છોડી મુકવો જોઈશે અને તેમ કરવાના પોતાના કારણોની તેણે નોંધ કરવી જોઈશે. આમ, સદર કલમ વંચાણે લેતાં આરોપીઓને સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવે અને તે ચાર્જશીટની સાથે રજૂ કરેલા પોલીસ પેપર્સ વંચાણે લેતાં તેના પરથી એવું પ્રસ્થાપિત થાય કે આરોપીઓની સામે ટ્રાયલ ચલાવવા માટે પુરતો પુરાવો નથી અને તહોમત વજુદ વગરનું લાગે તો આરોપીઓને છોડી મુકવો જોઈશે. આ ઉપરાંત ચાર્જફ્રેમ કરવાના તબકકે એટલું જ જોવાનું રહે છે કે, શું આરોપીઓની વિરુદ્ધ પ્રથમદર્શનીય ગુનો બને છે અને જો પ્રથમદર્શનીય ગુનો બનતો હોય તો આરોપીઓની સામે ચાર્જફ્રેમ કરવો જોઈએ અને જો પ્રથમદર્શનીય પુરાવો ન આવે અને કેસ બનતો ન હોય તો આરોપીઓને ડિસ્ચાર્જ કરવો જોઈએ. આ ઉપરાંત પ્રથમદર્શનીય કેસ કોને કહી શકાય તે અંગે નામદાર એપેલેટ કોર્ટ દ્વારા ઘણાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાતો આપવામાં આવેલા છે. અને જેમાં ફરિયાદપક્ષનો કેસ અને પુરાવો એમને એમ માની લેવામાં આવે તો તે આરોપીઓ વિરુદ્ધ ગુનો કર્યા અંગે મજબુત શંકા ઉપજાવે છે કે કેમ તે જોવાનું રહે છે. અને જો આરોપીઓ વિરુદ્ધ મજબુત શંકા ઉભી થતી હોય તો તે આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શનીય કેસ બનતો હોવાનું માનવાનું રહે છે.

(૮) હાલના કામે ***<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૧૯૮૫ જી.એલ.એચ. પાના નં.૨૮૯નો</u>*** ચુકાદો વંચાણે લેવો જરૂરી જણાય છે જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે મૅજિસ્ટ્રેટે ચાર્જફ્રેમ કરતી વખતે ઝીણવટભરી વિગતો ધ્યાને લેવાની નથી પરંતુ ફરિયાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તે જોવાનું રહે છે.

(૯) આમ ઉપરોકત કરવામાં આવેલી કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખી હાલની અરજીના કામે ઘડવામાં આવેલ મુદ્દાઓનો ન્યાયિક નિર્ણય કરતાં પહેલા બ્લડ ટેસ્ટ રૂલ્સ–૦૪ વંચાણે લેવો જરૂરી જણાય આવતો હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

***–:: Rule– 4. Manner of Collection Forwarding of blood ::–***

*(1) The registered medical practitioner shall use a syringe for thecollection of the blood of the person produced before him under Rule 3. The syringe shall be sterilized by putting in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 cc of venous blood in the syringe from the body of the person. The blood, collected in the syringe shall than be transferred into a phial containing anticoagulant and preservative.*

*(2) The sample blood collected in the phial in the manner stated in sub–rule (1) shall be forwarded for test to the Testing Officer either by post of with a special messenger so as to reach him within seven days from the date of its collection, it shall be accompanied by a forwarding letter in Form "B" which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood."*

(૧૦) વધુમાં આ કામે આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ છે કે સદર લોહીનો નમુનો તે લોહીનો નમુનો લીધાની તારીખથી સાત દિવસની અંદર મળી જવો જોઈએ તેવુ નિયમ–૪(૨)માં ઠરાવેલ છે અને સદર નમુનો ૨૮માં દિવસે મળેલ છે જેથી આરોપીઓને નિર્દોષ છોડી મુકવો જોઈએ. આમ, સદર દલીલને લક્ષ્યમાં રાખી હાલના કામે આરોપીઓનો લોહીનો નમુનો તે લીધા બાદ કેટલા દીવસે મળેલ છે અને શુ ખરેખર નિયમ–૪(૨)ની આદેશાત્મક જોગવાઈનો ભંગ થાય છે કે કેમ તેનુ મુલ્યાંકન કરવુ જરૂરી બની રહે છે. આથી સદર રેકર્ડ પર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં

આવેલ. ચુકાદો *__1991 2 Crimes (HC) 342 State of Gujarat versus Bapuji Savaji,__* નો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેઓના સદર ચુકાદાના પેરા નંબર–૬માં નીચે મુજબ નોંધેલ છે. *Para No – 6 " This clearly shows that the sample of the blood has not reached the Chemical Analyser within 7 days of its collection as provided in rule 4(2) of the Rules. From the evidence of the said Medical Officer, it is not clear whether the said sample was accompanied by a forwarding letter in Form B being a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood of the accused. Under the circumstances, provisions of rule 4(1) and (2) of the said Rules, which are mandatory, are violated. These two patent infirmities are fatal to the prosecution.".* આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ઉપરોકત ચુકાદો તથા રૂલ–૪ વંચાણે લેતાં સદર નિયમ એ આદેશાત્મક છે. એટલે કે નિયમ–૪ની જોગવાઈઓનું પાલન થવુ ફરજિયાત છે અને જો નિયમ–૪ની જોગવાઈઓનું પાલન ન થયેલ હોય તો ફરિયાદપક્ષના કેસને વિપરીત અસર પડે છે. આથી, હાલના ચાર્જશીટની સાથે રજૂ થયેલા પોલીસ પેપર્સને વંચાણે લેવામાં આવે અને તેની વિચારણાં કરવામાં આવે તો સૌપ્રથમ આરોપીઓને ડૉક્ટરશ્રી પાસે લોહીનો નમુનો લેવા માટે તા.૦૩/૧૨/૨૦૨૧ના રોજ સી.એચ.સી. ખાતે લઈ જવામાં આવેલ છે અને **ફોર્મ–એ વંચાણે લેતાં, આરોપીઓના લોહીના નમુના સદર ડૉક્ટરશ્રી દ્વારા તા.૦૩/૧૨/૨૦૨૧ના રોજ લોહીના નમુના લેવામાં આવેલ છે, જે લોહીનો નમુના પૃથકકરણ વિભાગને તા.૦૧/૦૧/૨૦૨૨ના રોજ મળેલ છે. આમ, ફોર્મ–સી વંચાણે લેતાં સદર નમુના લોહીના નમુના લીધાના ૨૮માં દિવસે મળેલ હોવાનું જણાય આવે છે.** આથી લોહીનો નમુનો નિયમ–૪(૨)માં જોગવાઈ કર્યા અનુસાર લોહી લીધાના સાત દિવસની અંદર પૃથકકરણ માટે લેબોરેટરીને પ્રાપ્ય થયેલ નથી જે હકીકત સદંતર પણે સદર નિયમ–૪(૨)ની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરતી હોવાનુ જણાય આવે છે. જેથી ફરિયાદપક્ષનો કેસ પ્રથમદર્શનીય કેસ રહેતો ન હોવાનુ માની શકાય તેમ છે.

**(૧૧) જેથી ઉપરોકત તમામ ચર્ચાઓ તથા પોલીસ પેપર્સ તથા કાયદાકીય જોગવાઈનું તુલનાત્મક વિશ્લેષણ કરતા** આ કામના આરોપીનો લોહીનો નમુનો બ્લડ ટેસ્ટ રૂલ્સ–૪(૨)ની જોગવાઈ મુજબ લોહીનો નમુનો લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર મળેલ ન હોય અને નમુનો અઠ્ઠાવીસમાં દિવસે પ્રાપ્ય થયેલ હોય નિયમ–૪(૨)ની આદેશાત્મક જોગવાઈનો ભંગ થતો હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પરથી જણાય આવે છે. આથી નિયમ–૪(૨)ની આદેશાત્મક જોગવાઈનો ભંગ થતો હોય હાલના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.૧નો જવાબ આથી હકારમાં આપવામાં આવે છે. વધુમાં આ કામે નિયમ–૪(૨)ની આદેશાત્મક જોગવાઈનો સ્પષ્ટપણે ભંગ થતો હોય આરોપીઓની સામે ચાર્જફ્રેમ ફરમાવી પુરાવો લેવામાં આવે તો તે અર્થહીન બની રહેશે. જેથી હાલના કામે ઘડવામાં આવેલ મુદ્દા નં.રનો જવાબ પણ હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૩ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**//આખરી હુકમ //**

(૧) આથી આ કામના આરોપીઓને ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૨૩૯ અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબના કામે તહોમતનામુ વજુદ વગરનુ હોય ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૫, માહે–જુલાઈ, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૦૫/૦૭/૨૦૨૪.**
**મુકામઃ ભાયાવદર.**

**(દેવલ યજ્ઞેશ્વર પટેલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ભાયાવદર**
**UIC–GJ**01515